<u>સેશન્સ કેસ નં.૪૮૩/૨૦૨૪.</u>

**રજુ તારીખઃ** ૨૫/૦૬/૨૦૨૪.

**દાખલ તારીખઃ** ૨૫/૦૬/૨૦૨૪.

**ફેંસલ તારીખઃ** ૦૮/૧૦/૨૦૨૫.

**અવધિઃ** વર્ષ માસ દિવસ

**આંક**

सत्यमेव जयते

<u>ફોર્મ– "એ"</u>

**મે. સુરતના ૧૬માં અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, સુરત.**

**ચુકાદા તારીખઃ૦૮/૧૦/૨૦૨૫**

**સેશન્સ કેસ નં.૪૮૩/૨૦૨૪.**

**કોસંબા પો.સ્ટે.પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૨૧૪૦૨૧૨૪૦૫૪૮/૨૦૨૪.**

| | |
|---|---|
| **ફરિયાદી.** | **શ્રી સરકાર.** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટર. | **શ્રી કે.ડી.ખેરનાર.** |
| **આરોપી** | **(૧) અરબાઝ મોહસીન બુટવાલા,** ઉ. વ.૧૮, ધંધો–અભ્યાસ, રહે.ઘર નં.૨૦૨, ખોજા સોસાયટી, જુના કોસંબા રેલ્વે ફાટકની સામે, તા. માંગરોળ, જી.સુરત. |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | **શ્રી પી. સી. શાહ** |

**સેશન્સ કેસ નં.૪૮૩/૨૦૨૪.**

## ફોર્મ– "બી"

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૫/૦૩/૨૦૨૪. |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૨/૦૪/૨૦૨૪. |
| ચાર્જશીટની તારીખ | ૦૫/૦૬/૨૦૨૪. |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૫. |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૩૧/૦૭/૨૦૨૫. |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૧૦/૦૯/૨૦૨૫. |
| ચુકાદાની તારીખ | ૦૮/૧૦/૨૦૨૫. |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | --- |

## આરોપીની વિગત

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અરબાઝ મોહસીન બુટવાલા | ૧૩/૦૪/ ૨૦૨૪. | ૧૪/૦૮ /૨૦૨૪ | હા, ઈન્ડિયન પિનલ કોડની કલમ– ૩૭૯એ(૩) ,૧૧૪ મુજબનો. | નિર્દોષ | -- | -- |

## ફોર્મ–સી

(એ) **ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા**

| ક્રમ નંબર | સાહેદ નંબર | આંક | નામ | વિગત |
|---|---|---|---|---|
| | | | **મુખ્ય સાહેદો** | |
| ૧ | ૦૧ | ૧૫ | રવિ લક્ષ્મણ શાહુ | ફરીયાદી. |
| | | | **અન્ય સાહેદો.** | |
| | | | **પંચ સાહેદો** | |
| ૨ | ૦૨ | ૧૮ | શૌકતખાન સરદારખાન પઠાણ | પંચ સાહેદ. |
| | | | **પોલીસ સાહેદો** | |
| ૩ | ૦૩ | ૨૨ | અરવિંદભાઈ જોકટાભાઈ ચૌધરી | ત.ક.અ. |

**(બી) બચાવ પક્ષઃ**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર. |
|---|---|---|
| -- | **કોઇ સાહેદ તપાસેલા નથી.** | -------- |

**(સી) અદાલત ધ્વારાઃ**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર. |
|---|---|---|
| -- | **કોઇ સાહેદ તપાસેલા નથી.** | -------- |

(એ) **ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા**

| ક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | ફરીયાદ. |
| ૨ | ૧૭ | મોબાઈલ બીલ. |

| | | |
|---|---|---|
| ૩ | ૧૯ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ. |
| ૪ | ૨૦ | આરોપીની શરીર સ્થીતીનુ તથા મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ. |
| ૫ | ૨૧ | આરોપીને ડીટેઈન કર્યાનુ પંચનામુ. |
| ૬ | ૨૩ | સુચીપત્ર. |
| ૭ | ૨૪ | ગુનામાં વપરાયેલ મોપેડની આર.સી. બુકની નકલ. |
| ૮ | ૨૫ | આરોપીને અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમાં કરેલ નોંધ રીપોર્ટ. |

**(બી) બચાવ પક્ષઃ**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર. |
|---|---|---|
| -- | **કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.** | -------- |

**(સી) અદાલત ધ્વારાઃ**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર. |
|---|---|---|
| -- | **કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી.** | -------- |

**(ડી) મુદ્દામાલની વિગતો.**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર. |
|---|---|---|
| ૧ | એક વાદળી કલરનો ઓપો કંપનીનો એ-૧૮ મોડેલનો મોબાઈલ ફોન જેનો IMEI No.862637065361491 નો છે. | -- |
| ૨ | એક સેમસંગ કંપનીનો ગેલેક્ષી એ-૧૨ મોડેલનો મોબાઈલ ફોન જેનો IMEI No.3571534 74401961, 359025614401960 નો છે. | -- |
| 3 | એક સુઝુકી કંપનીની એક્ષેસ મોપેડ નંબર GJ-05-KT-4918 નો છે. જેનો ચેસીસ નંબર MB8DP12DJM8868072 નો છે તથા એન્જીન નંબર AF216797334 નો છે. | -- |

**ગુનોઃ** **ઈન્ડિયન પિનલ કોડની કલમ-૩૭૯એ(૩),૧૧૪ મુજબ નો.**

(૧) આ કામના આરોપીઓ સામે સુરતના **કોસંબા પો.સ્ટે.પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૨૧૪૦૨૧૨૪૦૫૪૮/૨૦૨૪** થી ઇન્ડિયન પિનલ કોડની કલમ–૩૭૯એ(૩),૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

(૨) સદરહુ કેસ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટના ઓર્ડર નં.૪૪૭/૨૦૨૫ તા.૧૬–૦૫–૨૦૨૫ ના હુકમથી અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થઇને આવેલ છે.

**<u>ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકતઃ–</u>**

(૩) ફરિયાદ પક્ષના કેસની સંક્ષિપ્તમાં હકીકત જોઇએ તો, આ કામના ફરીયાદી રવિ લક્ષ્મણ શાહુ નાઓ તા.૨૫/૦૩/૨૦૨૪ ના કલાક ૯/૩૦ વાગ્યે મોજે કોસંબા ગામની સીમમાં અમદાવાદથી મુંબઈ જતા ને.હા. નંબર ૪૮ ઉપર કોસંબા ફાટક બ્રીજ ઉતરતા ચાંદની હોટલના કટ પાસે તા.માંગરોળ, જી. સુરત ખાતે આરોપીઓએ પોતાના કબજાની મરુન કલરની એકસેસ મોપેડ નંબર GJ–05–KT–4918 ની ઉપર આવી ફરીયાદીનો વાદળી કલરનો ઓપો કંપનીનો એ–૧૮ મોડેલનો મોબાઈલ ફોન જેનો IMEI No.862637065361491 નો જે આંચકી (ઝુંટવી) ચોરી કરી નાશી ગયેલ હોય જેથી ફરીયાદીએ અજાણ્યા ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ હાલની ફરીયાદ આપેલી છે.

(૪) ફરીયાદીની સદરહુ ફરીયાદના આધારે **કોસંબા પો.સ્ટે.પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૨૧૪૦૨૧૨૪૦૫૪૮/૨૦૨૪** થી ઇ.પી.કો.કલમ–૩૭૯એ(૩), ૧૧૪ મુજબના ગુનાની એફ.આઇ. આર. થયેલી.

(૫) ત્યારબાદ, સદર ફરીયાદના આધારે ગુનાની તપાસ ત.ક.અ.ને સોંપતા સદર કામે ત.ક.અ. ધ્વારા તપાસના કામે લાગતા વળગતા સાહેદોના વિગતવારના નિવેદનો નોંધવામાં આવેલા છે તેમજ જરૂરી પંચનામાઓ કરી તથા આરોપીઓ મળી આવતા તેઓને અટક કરી તેમજ મુદ્દામાલ કબ્જે કરી તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોઇ, ફોજદારી કાર્યરિતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૭૩(૨) મુજબ સુરતના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, માંગરોળ, સુરત નાઓની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરતા જેને ફોજદારી કેસ નં.૧૭૪૬/૨૦૨૪ આપવામાં આવેલો.

(૬) ત્યારબાદ, સદરહુ ગુનો સેશન્સ ટ્રાયબલ હોય સુરતના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, માંગરોળ, સુરત નાઓએ સદર કેસ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૯ અન્વયે તેઓના તા.૨૧-૦૬-૨૦૨૪ નાં કમીટલ હુકમથી સદર કેસ સુરત સેશન્સ કોર્ટ તરફ કમીટ કરતા જે સેશન્સ કેસ નં.૪૮૩/૨૦૨૪ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

(૭) સદર કામનાં આરોપીઓ જામીન પર મુકત થયેલ હોય તેઓને સમન્સ નોટીસ કરતા ઠરાવ તારીકે કોર્ટ સમક્ષ તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં, મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રી ધ્વારા આરોપીઓ સામે આંક-૧૨ થી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૨૮ અન્વયે ઇ.પી.કો. ની કલમ-૩૭૯એ(૩),૧૧૪ મુજબનું તહોમતનામુ આંક-૧૨ થી ફરમાવવામાં આવેલ અને આરોપીની આંક-૧૩ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને આરોપીએ ગુનાનો ઇન્કાર કર્યા બાદ અને સદર કેસની ઇન્સાફી કાર્યવાહી

આગળ ચલાવવાની માંગણી કરતા, સદર કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષ ધ્વારા ઉપરોકત **ફોર્મ–સી** ની વિગતે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કર્યા બાદ આંક–૨૬ થી વિ. એ.પી.પી.શ્રી દ્વારા ફરીયાદ પક્ષે વધુ કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા નથી તેવુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે.

(૯) સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩/બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળનું નિવેદન નોંધવામાં આવેલ છે જે વંચાણે લેતા આરોપીઓએ ફરીયાદપક્ષનાં પુરાવાનો મહદ્દઅંશે ઇન્કાર કરેલો છે. વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ આવો કોઇ ગુનો કરેલ નથી. તેઓ નિર્દોષ છે, પોલીસે અનડીટેકટ ગુનાઓ તેઓ આરોપી ઉપર ચઢાવી હાલનો ખોટો કેસ કરેલ છે તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ છે.

**ફરીયાદપક્ષની દલીલોઃ–**

(૧૦) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.ડી.ખેરનાર ધ્વારા મૌખિક દલીલો કરેલ છે. આરોપી વિરુધ્ધ ઇ.પી.કો.કલમ–૩૭૯એ(૩),૧૧૪ મુજબનાં ગુનાનું તહોમતનામુ આંક–૧૨ થી ફરમાવવામાં આવેલ છે. આ કામમાં ફરીયાદ પક્ષે તપાસેલા ફરીયાદી તેમજ પોલીસ સાહેદોના પુરાવાથી ફરીયાદ આંક–૧૬ ની હકીકતને સમર્થન કારક પુરાવો રજુ રાખેલ છે. તેમજ વિ.એ.પી.પી.શ્રીએ એવી પણ દલીલ કરેલ છે કે, ભલે પંચ સાહેદોએ

પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય પરંતુ આંક-૧૯, આંક-૨૦, આંક-૨૧ વાળા પંચનામા ત.ક.અ.ના પુરાવા દરમ્યાન પુરવાર કરવામાં આવેલ છે. આમ, ફરીયાદ પક્ષે પોતાનો કેસ ફરીયાદી તેમજ પોલીસ સાહેદોના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરી કેસ પુરવાર કરેલ હોય આરોપીઓને સદરહુ ગુનામાં કાયદામાં ઠરાવેલ સજા કરવા જણાવેલ છે.

**<u>બચાવપક્ષની દલીલોઃ-</u>**

**(૧૧)** બચાવપક્ષ તરફે આરોપી તરફે વિ.વ.શ્રી પી.સી.શાહ નાઓ ધ્વારા તેઓની દલીલોમાં જણાવેલ છે કે, આરોપીઓ વિરુધ્ધ ઇ.પી.કો. કલમ-૩૭૯એ(૩),૧૧૪ મુજબનાં ગુનાનું તહોમતનામુ આંક-૧૨થી ફરમાવવામાં આવેલ છે. ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદીએ અજાણ્યા ઇસમ વિરુધ્ધ ફરીયાદ આપેલી છે. આરોપી કેવો દેખાતો હતો તથા કેવા કદ કાઠીનો હતો તેમજ ઈસમે કેવા કપડા પહેરેલા હતા આ તમામ હકીકતો જણાવેલ નથી, ફરીયાદીએ આરોપીને ઓળખી બતાવેલ નથી કે ત.ક.અ. ધ્વારા આરોપીઓની કોઇ ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી. વધુમાં આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામમાં ફરીયાદ પક્ષ તરફે મુદ્દામાલ મોબાઇલ રીકવર કર્યાનાં પંચનામાનાં પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી અને તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા પંચ સાહેદ જાહેર કરેલા છે. તેમજ આંક-૨૦ તેમજ આંક-૨૧ થી રજુ થયેલ મુદ્દામાલ કબ્જે કર્યા તથા

આરોપીની અટક કર્યાનુ પંચનામાના પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી અને પોલીસે તેઓની તૈયાર લખાણમાં સહી લીધેલ હોવાનુ જણાંવેલ છે. આ ઉપરાંત ફરીયાદપક્ષ તરફે પોલીસ કર્મચારીઓને તપાસેલા છે અને તેઓની જુબાની પરથી પણ આ કામનાં આરોપીએ જ ફરીયાદીનો મોબાઇલ ચોરી કરેલ હોય તેવી કોઇ હકીકત પ્રોસીક્યુશન પુરવાર કરી શકેલ નથી તેમજ આરોપીઓ પાસેથી હાલના ફરીયાદીનો કોઇ મુદ્દામાલ મોબાઇલ રીકવર કરવામાં આવેલ નથી કે આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવવામાં આવેલ ન હોય પોલીસ સાહેદોનો પુરાવો પર્યાપ્ત ગણી શકાય નહીં અને તે સંજોગોમાં ફરીયાદ પક્ષ તરફે આરોપીઓ વિરુધ્ધ જે તહોમત ફરમાવવામાં આવેલ છે તે શંકા રહિત પુરવાર કરેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

**(૧૨)** આ કામે ઉભય પક્ષકારોની રજુઆતો અને રેકર્ડ પર રજુ થયેલા પુરાવાને ધ્યાનમાં લઈ, આ કેસના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલા છે.

**" મુદ્દા "**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે આ કામના હાલના આરોપીએ ફરીયાદીશ્રી તા.૨૫/૦૩/૨૦૨૪ ના કલાક ૯/૩૦ વાગ્યે મોજે કોસંબા ગામની સીમમાં અમદાવાદથી મુંબઈ જતા ને.હા. નંબર ૪૮ ઉપર કોસંબા ફાટક બ્રીજ ઉતરતા ચાંદની હોટલના કટ પાસે તા.માંગરોળ, જી. સુરત ખાતે જતા હતા ત્યારે આરોપીઓએ પોતાના

કબજાની મરુન કલરની એકસેસ મોપેડ નંબર GJ–05–KT–4918 ની ઉપર આવી ફરીયાદીનો વાદળી કલરનો ઓપો કંપનીનો એ–૧૮ મોડેલનો મોબાઈલ ફોન જેનો IMEI No.862637065361491 નો જે આંચકી (ઝુંટવી) ચોરી કરી નાશી ગયેલ અને બાદમાં પકડાઈ જઈ અને તેમ કરી ઈ.પી. કો. કલમ–૩૭૯એ(૩),૧૧૪ મુજબ નો સજાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૧૩)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છેઃ–

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**--// કારણો //--**

## મુદ્દા નં.૧ ની ચર્ચાઃ–

**(૧૪)** ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ તથા ફોજદારી કાયદા શાસ્ત્રના સ્થાપીત સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષ દ્વારા આક્ષેપીત હકીકત નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે. તથા ફરીયાદપક્ષ દ્વારા પોતાની પાસે ઉપલબ્ધ હોય તેવા શ્રેષ્ઠ પુરાવા દ્વારા પોતાનો કેસ સાબીત કરવા પ્રયત્ન કરવો જોઈએ અને તેમ છતાં જો ફરીયાદપક્ષ દ્વારા રજુ પુરાવા પરથી ફરીયાદપક્ષના કેસના મુળ સુધી જાય તેવી શંકા ઉત્પન્ન થતી હોય તો તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર થતો હોય છે. સાથે સાથે એ હકીકત પણ ધ્યાને લેવી તેટલી જ જરુરી છે કે જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઈ પણ શંકા રાખી દે તો તે

શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટે **Crimes 2016(4) Page No.114, Harbeer Singh V/s. Sheeshpal & Ors.** નાં પેરા–૧૧ માં એવું ઠરાવેલ છે કે, –

> " It is a cardinal principle of criminal jurisprudence that the guilt of the accused must be proved beyond all reasonable doubt. The burden of proving its case beyond all reasonable doubt lies on the prosecution and its never shifts. ...."

તેવી જ રીતે નામદાર સુપ્રિમ કોર્ટે **, Maheshbhai RAtilal Bhil V/s. State of Gujarat (2017 Cr.L.J. Page No.459)**નાં પેરા–૧૫ માં જણાવ્યા મુજબ–

> 15. ... in case of Rajiv Singh v/s. State of Bihar & Anr. I(2016) CCR 70(SC) : (AIR 2016 SC(Cri) 238, it has been held in paragraph Nos. 60 to 63 as under :
>
> "60. It is well entrenched principle of criminal jurisprudence that a charge can be said to be proved only when there is certain and explicit evidence to warrant legal conviction and that no person can be held guilty on pure moral conviction. Howsoever grave the alleged offence may be, otherwise stirring the conscience of any court, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is

"fouler the crime higher the proof". In unmistakable terms, it is the mandate of law that the prosecution in order to succeed in a criminal trial, has to prove the charge(s) beyond all reasonable doubt.

61. The above enunciations resonated umpteen times to be reiterated in Raj Kumar Singh alias Raju alias Batya V/s. State of Rajasthan (2013) 5 SCC 722 : (AIR 2013 SC-3150) as succinctly summarized in paragraph 21 (para 17 of AIR) as hereuner :

> "21. Suspicion, however grave it may be cannot take the place of proof, and there is a large difference between something that "may be" proved and "will be proved". In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between "may be" and "must be" is quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty ot ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between "may be" true and "must be" true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by the posecution, before an accused is condemned as a convict, and the basic and golden

rule must be appliced. In such cases, while keeping in mind the distance between "may be" true and "must be" true, the court must maintain the vital distance between conjectures and sure conclusins to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The Court must ensure that miscarriage of justice is avoided and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused, keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but afair doubt that is based upon reason and common sense."

62. In supplementation, it was held in affirmation of the view takein Kali Ram V/s. State of H.P. (1973) 2 SCC 808 : (AIR 1973 SC 2773), that if two views are possible on theevidence adduced in the case, on pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.

63. In terms of this judgment, suspicion, howsoever

grave cannot take the place of proof and the prosecution case to succeed has to be in the category of "must be" and not "may be" a distance to be covered by way of clear, cogent and unimpeachable evidence to rule out any possibility of wrongful conviction of the accused and resultant miscarriage of justice. ...."

આમ, ઉપરોકત ચુકાદામાં જણાવેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લઇને પ્રસ્તુત કેસમાં રજુ પુરાવાનું અવલોકન કરવાનું રહે છે.

(૧૫) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર સાબિત કરવાની હોય છે. સ્થાપિત સિદ્ધાંત મુજબ `` પુરાવાનું મુલ્યાંકન `` શબ્દને પુરાવાના કાયદામાં કયાય વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્પિત કોઈ નિયમ નથી.

***379A. Snatching.--(1)*** *Whoever, with the intention to commit theft, suddenly or quickly or forcibly seizes or secures or grabs or takes away from any person or from his physical possession any moveable property, and makes or attempt to make escape with such property, is said to commit snatching.*

*(2) Whoever attempts to commit snatching shall be punished with rigorous imprisonment for a term which shall not be less than five years but which may extend to ten years, and with fine which may extend to twenty-five thousand rupees.*

*(3) Whoever commits snatching shall be punished with rigorous imprisonment for a term which shall not be less*

*than seven years but which may extend to ten years, and with fine which may extend to twenty-five thousand rupees.*
*(4) Whoever, after committing or attempting to commit snatching, causes hurt or wrongful restraint of fear of hurt, in order to effect his escape shall be punished with rigorous imprisonment for a term which may extend to three years, in addition to the punishment provided for the offence of snatching by the preceding sub-sections.*

ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૭૮ માં કરવામાં આવેલ ચોરીની વ્યાખ્યાને વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

***Theft :-*** *Whoever, intending to take dishonestly any movable property out of the possession of any person without that person's consent, moves that property in order to such taking, is said to commit theft.*
*Explanation 1.—A thing so long as it is attached to the earth, not being movable property, is not the subject of theft; but it becomes capable of being the subject of theft as soon as it is severed from the earth.*
*Explanation 2.—A moving effected by the same act which effects the severance may be a theft.*
*Explanation 3.—A person is said to cause a thing to move by removing an obstacle which prevented it from moving or by separating it from any other thing, as well as by actually moving it.*
*Explanation 4.—A person, who by any means causes an animal to move, is said to move that animal, and to move everything which, in consequence of the motion so caused, is moved by that animal.*
*Explanation 5.—The consent mentioned in the definition may be express or implied, and may be given either by the person in possession, or by any person having for that purpose authority either express or implied.*

ઉપરોકત જોગવાઇ મુજબ સદર કલમનાં મહત્વનાં તત્વો જોવામાં આવે તો,

(૧) જંગમ મિલ્કતની ચોરી થયેલ હોવી જોઇએ,

(૨) આ જંગમ મિલ્કત કોઇ વ્યકિતનાં કબ્જામાં હતી,

(૩) આ જંગમ મિલ્કત તે વ્યકિતનાં કબ્જામાંથી ખસેડવામાં આવેલ હોવી જોઇએ,

(૪) આ જંગમ મિલ્કત ખસેડવા માટે તેના માલિક કે કબ્જેદાર ધ્વારા સંમતિ આવેલ ન હતી,

(૫) આવા કૃત્ય અપ્રમાણીકપણે કરવામાં આવેલ હતુ.

ઉપરોકત જોગવાઇઓ વંચાણે લેતાં ફરીયાદપક્ષ ધ્વારા એ હકીકત પુરવાર કરવી જરૂરી છે કે, મુદ્દામાલ મોબાઇલનાં કબ્જેદાર ફરીયાદી હતા અને તે મુદ્દામાલ મોબાઇલ ચોરી કરવાનાં ઇરાદા સાથે ફરીયાદીની સંમતિ વિના તેમના કબ્જામાંથી અચાનક અથવા બળજબરી પૂર્વક બળનો પ્રયોગ કરી ઝુંટવીને લઇ ગયેલ હતા.

## <u>–: ફરીયાદપક્ષે રજુ પુરાવાઓનું મૂલ્યાંકન :–</u>

**(૧૬)** હવે, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો **સૌ પ્રથમ મહત્વના એવા સાહેદ ફરીયાદીનો પુરાવો** વંચાણે લેવો જરૂરી માનુ છુ. **પ્રોસીકયુશન સાહેદ નં.૧–રવિ લક્ષ્મણ શાહુ (ફરીયાદી) ને આંક–૧૫ થી** સોગંદ ઉપર તપાસેલા છે અને આ ફરીયાદી પોતાના પુરાવામાં જણાંવેલ છે કે, ફરીયાદીએ પોતાના અંગત વપરાશ માટે ઓપ્પો કંપનીનો એ–૧૮ મોડલનો મોબાઇલ ખરીદ કરેલ. તારીખ : ૨૫–૧૦–૨૦૨૪ ના રોજ સવારના નવેક વાગ્યાના અરસામાં સાવા પાટીયા શીતલ હોટલથી તેઓના મિત્ર મોહીત ઝા ને મળવા માટે કોસંબા

ગામની સીમમાં આવેલ શ્રી સાંઇ ખોડીયાર પેટ્રોલ પંપ ખાતે જતા હતા તે વખતે સાડા નવેક વાગ્યે અમદાવાદથી મુંબઇ જતા નેશનલ હાઇવે નંબર ૪૮ ઉપર કોસંબા ફાટક બ્રીજ ઉપરના ચાંદની હોટલના કટ પાસે આવતા તેઓ તેમના મોબાઇલ ફોન ઉપર વાત કરતા જતા હતા તે સમયે પાછળથી એક એક્સેસ મોપેડ ઉપર બે ઇસમો આવી પાછળ બેસેલ ઇસમે તેમના હાથમાંથી મોબાઇલ આંચકી ઝુટવી લઇ ચોરી કરી એક્સેસ મોપેડ ઉપર કીમ ચાર રસ્તા તરફ નાસી ગયેલ જેની શોધખોળ કરતા મળી આવેલ ન હોય એક્સેસ મોપેડ ચાલક અને તેની પાછળ બેસેલ અજાણ્યા ઇસમની વિરુદ્ધ માં તા.૧૨-૦૪-૨૦૨૪ ના રોજ કોસંબા પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. ત્યારબાદ પોલીસને ગુનાવાળી જગ્યા બતાવેલ અને પોલીસે તે જગ્યાનું પંચનામું કરેલ ત્યારબાદ પોલીસ તપાસમાં મોબાઇલ ફોનનુ બીલ રજુ કરેલ. ફરીયાદીને આંક-૧૬ થી રજુ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદીની સહી છે જે ઓળખી બતાવે છે.આંક - ૧૭ થી રજુ મોબાઇલ ફોનનું બીલ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદીની સહી છે તેમજ જે દુકાન પરથી મોબાઇલ ખરીદ કરેલ તે દુકાનનો સહી સિક્કો છે જે ઓળખી બતાવે છે. ફરીયાદી આરોપીને ઓળખી બતાવતા નથી.

(૧૭) જયારે આ સાહેદની બચાવ પક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ નામજોગ આપેલ નથી, ફરીયાદમાં આરોપીઓના કદ કાઠી ચહેરાનું વર્ણન કે વાહનનો

નંબર જણાવેલ નથી. ફરીયાદીએ અજાણ્યા ઈસમ વિરુધ્ધ ફરીયાદ આપેલી છે. આરોપી કેવો દેખાતો હતો તથા કેવા કદ કાઠીનો હતો તેમજ ઈસમે કેવા કપડા પહેરેલા હતા આ તમામ હકીકતો જણાવેલ નથી, ફરીયાદીએ આરોપીને ઓળખી બતાવેલ નથી કે ત.ક.અ. ધ્વારા આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી.

(૧૮) આ ફરીયાદીના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદીના પુરાવાથી ફરીયાદીના હાથમાથી ફરીયાદીનો મોબાઇલ અજાણ્યા ઇસમ ઝુંટવી લઇ નાસી ગયેલ હોવાનુ ફલીત થાય છે. પરંતુ સૌથી મહત્વની હકીકત એ બની રહે છે કે, ફરીયાદીએ અદાલત સમક્ષના પુરાવામાં આરોપીને ઓળખી બતાવેલ નથી તેમજ તપાસ કરનાર અમલદાર નાઓએ ઓળખ પરેડ માટે ફરીયાદીને સાથે રાખીને કોઈ કાર્યવાહી કરેલ હોય તેવુ બનેલ નથી કે ફરીયાદીએ ત.ક.અ.ને ગુનાવાળી જગ્યા બતાવેલ હોય તેવુ પણ ફરીયાદી તેઓના પુરાવામાં જણાંવતા નથી. અને તે સંજોગોમાં હાલના આરોપીએ જ ફરીયાદીનો મોબાઈલ ઝુંટવીને નાસી ગયેલ હોય તેવી હકીકત સબબ ફરીયાદીનો પુરાવો પ્રોસીકયુશનને ખાસ કોઈ રીતે મદદરૂપ નીવડી શકતો નથી.

(૧૯) ફરીયાદ પક્ષે સાહેદ નં.૨– શૌકતખાન સરદારખાન પઠાણ **(પંચ સાહેદ)**ને આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસેલા છે અને આ પંચ સાહેદ કે જેઓની રૂબરૂમાં આંક–૧૯ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા આંક–૨૦ આરોપીની શરીર સ્થીતીનુ પંચનામુ તથા મુદામાલ રીકવરી

પંચનામુ તથા આંક ૨૧ થી રજુ આરોપીને ડીટેઈન કર્યાનુ પંચનામાના પંચ સાહેદ છે. આ પંચ સાહેદએ તેઓના પુરાવા દરમ્યાન **આંક–૧૮, આંક–૧૯ અને આંક–૨૦** વાળા પંચનામામાં તેઓની સહી હોવા પુરતી હકીકતોને સમર્થન કરેલ છે તે સિવાય પંચનામા વખતે આરોપી પાસેથી વાહન કબજે કરવામાં આવેલ કે કેમ તે તેઓને યાદ નથી. સદર પંચ સાહેદ આરોપીને ઓળખી બતાવે છે, પરંતુ પ્રોસીકયુશનના કેસને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત ફરીયાદ પક્ષ બહાર લાવી શકેલ નથી.

જયારે આ સાહેદની બચાવ પક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામુ કઈ તારીખે અને કયા સમયે કરેલ હતુ તે તેઓ કહી શકે નહી, તથા પંચ સાહેદ આ સમયે અન્ય કેસોમાં પણ પંચ તરીકે રહેલ છે.

(૨૦) હવે, ફરીયાદી તેમજ પંચ સાહેદોના પુરાવા તેમજ સ્વતંત્ર સાહેદોના પુરાવા થકી પ્રોસીકયુશન આક્ષેપિત તહોમત પુરવાર કરી શકેલ નથી એ સંજોગોમાં પોલીસ સાહેદોનો જે પુરાવો રજુ થયેલ છે તે ટુંકમાં જોવામાં આવે તો પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૨૨–અરવિંદભાઈ જોકટાભાઈ ચૌધરી** (ત.ક.અ.) ને આંક– ૨૨ થી સોગંદ ઉપર તપાસેલા છે અને આ સાહેદનો પુરાવો ટુંકમાં જોવામાં આવે તો, તા.૧૨/૦૪/૨૦૨૪ ના રોજ કોસંબા પોલીસ સ્ટેશન ખાતે એ.એસ.આઈ તરીકે પોતાની ફરજ પર હાજર હતા તે દરમ્યાન પી.એસ.ઓ હિતેન્દ્રસિંહ પ્રતાપસિંહ તરફથી કોસંબા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના.રજી.નં.૧૧૨૧૪૦૨૧૨૪૦૫૪૮

/૨૦૨૪ થી ઈ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩),૧૧૪ મુજબના ગુનાના કામની તપાસ તેમને મળતા તપાસ સંભાળેલી.સદર કામે ફરીયાદી રવિ લક્ષ્મણ સાહુની ફરીયાદ વંચાણે લઇ તેઓની ફરીયાદ જોતા તેઓએ તેમની ફરીયાદમાં જણાવેલ કે "મારો મોબાઇલ ફોન ઓપ્પો કંપનીનો એ-૧૮ મોડલનો ગત તારીખ : ૨૫-૧૦-૨૦૨૪ ના રોજ હુ સવારના નવેક વાગ્યાના અરસામાં સાવા પાટીયા શીતલ હોટલથી મારા મિત્ર મોહીત ઝા ને મળવા માટે કોસંબા ગામની સીમમાં આવેલ શ્રી સાંઇ ખોડીયાર પેટ્રોલ પંપ ખાતે જતો હતો તે વખતે સાડા નવેક વાગ્યે અમદાવાદથી મુંબઇ જતા નેશનલ હાઇવે નંબર ૪૮ ઉપર કોસંબા ફાટક બ્રીજ ઉપરના ચાંદની હોટલના કટ પાસે આવતા હુ મારા મોબાઇલ ફોન ઉપર વાત કરતો જતો હતો તે સમયે પાછળથી એક એક્સેસ મોપેડ ઉપર બે ઇસમો આવી પાછળ બેસેલ ઇસમે મારા હાથમાંથી મારો મોબાઇલ આંચકી ઝુટવી લઇ ચોરી કરી એક્સેસ મોપેડ ઉપર કીમ ચાર રસ્તા તરફ નાસી ગયેલ" તે ફરીયાદમા રવી સાહૂની તથા પીએસઓ હિતેન્દ્રસિંહ પ્રતાપસિંહના રૂબરૂની સહી હોય વંચાણે લઇ કામે સામેલ રાખેલ અને લાગતાવળગતા સાહેદોના નિવેદન લઇ તેમજ ફરીયાદી રવિ લક્ષ્મણ સાહુ ગુનાવાળી જગ્યા બતાવતા હોય બે પંચો શૌકતખાન સરદારખાન પઠાણ અને ઉસ્માન ગની શેખ નાઓને બોલાવી ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. ત્યારબાદ તારીખ : ૧૩-૦૪-૨૦૨૪ ના રોજ તરસાડી ઝંડા ચોક ખાતે વાહન ચેકીંગમાં હતા તે દરમિયાન તેઓને તથા સાથેના

અ.હે.કો.હિમાંશુભાઇ લક્ષ્મીકાંતનાઓને ખાનગી બાતમીદાર થકી બાતમી હકીકત મળેલ કે કુંવરદા બ્રીજ તરફથી એક્સેસ મરૂણ કલરની મોપેડ ઉપર બે ઇસમો આંબેડકર ચોક તરફ આવે છે જે પૈકી મોપેડ ચાલકે લાંબી બાયનું ટીશર્ટ પહેરેલ છે તેમજ પાછળ બેસેલ ઇસમે કાળા કલરનું ટીશર્ટ પહેરેલ છે તેઓ ચોરીના મોબાઇલ વેચવા જાય છે તેવી બાતમી મળતા બાતમી હકીકતવાળી મોપેડ સાથે બે ઇસમો આવતા આંબેડકર ચોક ખાતે મો.સા.ચાલકે હાથ વડે ઇશારો કરી સાઇડમા લેવાનું કહેતા મો.સા.ચાલકે સાઇડમા કરતા બંન્ને ઇસમોને મો.સા.પરથી નિચે ઉતારી સાથેના પચો સોકતખાન સરદારખાન પઠાણ અને ઉસ્માન ગનીભાઇ શેખનાઓ રૂબરૂ નામઠામ પુછતા ચાલકે પોતાનું નામ અરબાઝ મોસીન બુટવાલા રહે.કોસંબા, માંગરોળ, સુરતનો હોવાનું જણાવેલ તેની અંગ જડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી એક વાદળી કલરનો ઓપ્પો કંપનીનો એ-૧૮ મોડલનો મોબાઇલ ફોન મળી આવેલ જે મોબાઇલનુ વર્ણન પંચનામામાં લખેલ છે તેમજ બીજા ખિસ્સામાં કોઇ ચીજ વસ્તુ મળી આવેલ નહી. સદર મોબાઇલ કબજે કરેલ ત્યારબાદ પાછળ બેસેલ ઇસમની પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે પોતાનું નામ મોહમ્મદ ઇસ્માઇલ મુલ્લા રહે.તરસાડી, માંગરોળ સુરતનો હોવાનું જણાવેલ સદર ઇસમની અંગ જડતી કરતા તેના પેન્ટના જમણી બાજુના ખિસ્સામાંથી સેમસંગ કંપનીનો ગેલેક્સી ૧૩ મોડલનો મોબાઇલ ફોન મળી આવેલ જે મોબાઇલ કબજે કરેલ તેમજ બીજા ખિસ્સામાંથી કઇ

મળી આવેલ નહી. તેમજ સદર પકડાયેલ ઇસમોની મો.સા.જોતા સુઝુકી કં.ની એક્સેસ મોપેડ હતી તે બાબતે જેનો નંબર જી.જે.૦૫.કે.ટી.૪૯૧૮ હતો તે મો.સા.ની માલીકી બાબતે પુછતા આરોપી મહોમ્મદ ઇસ્માઇલ મુલ્લાનાએ જણાવેલ કે સદરહૂ મો.સા. ફઝીદા બાનુના નામે છે તેમની પાસેથી તેમના પિતાએ ખરીદ કરેલ છે અને સદર મોપેડ પંચો રૂબરૂ કબજે કરેલ. સદર મોબાઇલ બાબતે પુછતા સદર આરોપીઓએ સદર મોપેડ ઉપર ચાંદની હોટલ પાસેથી એક ઇસમ પાસેથી મોબાઇલ ફોન આંચકી લીધેલ હોવાનું જણાવેલ તેમજ સદર મોબાઇલ ચોરી કરી વેચાણ કરી જે પૈસા આવે તે સરખા ભાગે વહેંચી લેવાનુ અને ગુનાની કબુલાત કરતા હોય જે બાબતનું વિગતવાર પંચનામું કરી સદર પકડાયેલ ઇસમો પૈકી એક ઇસમ સત્તર વર્ષની ઉંમરનો હોય તેની માતાને બોલાવી સોંપવામાં આવેલ તેમજ આરોપી અરબાઝ મોસીન બુટવાલાને સદર ગુનાના કામે અટક કરવામાં આવેલ અને નામદાર કોર્ટની કસ્ટડીમાં મોકલવામાં આવેલ. તા.૧૫–૦૪–૨૦૨૪ ના રોજ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને બે પંચોની હાજરીમાં ડિટેઇન કરવામાં આવેલા અને નામદાર કોર્ટમાં રજુ કરવામા આવેલા. આ અંગે બે પંચો સોકતખાન પઠાણ અને ઉસ્માન શેખની હાજરીમાં વિગતવાર પંચનામું કરવામાં આવેલ. ત્યારબાદ એકંદરે તપાસ પુર્ણ થઇ જતા આરોપી વિરુદ્ધ પુરતા પુરાવા મળતા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આંક–૨૩થી રજુ સુચી પત્ર બતાવવામાં આવે છે જે સુચી પત્ર ફરીયાદ રજીસ્ટર કર્યા બાદ

ફરીયાદ સાથે પી.એસ.ઓ.એ તેઓને મોકલાવેલ તે જ છે જે ઓળખી બતાવે છે.

(૨૦.૧) આ સાહેદ તેઓના આગળ વધુ પુરાવામાં જણાંવેલ છે કે, આંક : ૧૬ થી રજુ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી રવી સાહુ ની,પો.સ્ટે.અમલદાર હિતેન્દ્રસિંહ પ્રતાપસિંહની સહી છે જે ઓળખી બતાવે છે. હિતેન્દ્રસિંહ પ્રતાપસિંહ આશરે એક મહીના પહેલા મરણ ગયેલ છે. તેઓ પો.સ્ટે.માં ફરજ સાથે બજાવતા હોય જેથી તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. આંક : ૧૯ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નંબર-૧ તરીકે મારી તથા પંચ નંબર-૨ તરીકે ઉસ્માન ગનીભાઇ શેખની સહી છે જે ઓળખી બતાવે છે. આંક : ૨૦ થી રજુ આરોપીનુ શરીર સ્થીતીનું તથા મુદ્ઘામાલ કબજે કર્યાનું જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચો ની તથા રુબરુ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. આંક : ૨૧ થી રજુ ડિટેઇન પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચોની તથા રુબરુ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. આંક - ૨૪ થી રજુ ગુનામાં વપરાયેલ મોપેડની આર.સી.બુકની નકલ બતાવવામાં આવે છે જે ફઝીદાબાનુ સુલેમાન પટેલના નામે છે તે તપાસના કામે મેળવી સામેલ રાખેલ તે જ છે. આંક : ૧૭ થી રજુ મોબાઇલ ફોનનું બીલ બતાવવામાં આવે છે જે ફરીયાદી પાસેથી તપાસના કામે મેળવી સામેલ રાખેલ તે જ છે જે ફરીયાદીના નામે છે જે ઓળખી બતાવે છે. આંક-૨૫ થી રજુ આરોપી અરબાઝ મોસીન

બુટવાલાને અટક કર્યા અંગેનું સ્ટે.ડા.માં નોંધ કરવા માટે લખેલ રીપોર્ટ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે. સાહેદને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે છે. સાહેદ આરોપીને જોયે ઓળખી બતાવે છે.

(૨૦.૨) જયારે આ સાહેદની બચાવ પક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તા. ૨૫–૦૩–૨૦૨૪ ના રોજ બનેલ અને ફરીયાદ તા.૧૨–૦૪–૨૦૨૪ ના રોજ નોંધવામાં આવેલ હતી, ફરીયાદ કેમ સત્તર દિવસ મોડી આપવામાં આવેલ તે અંગેનો ખુલાસો ફરીયાદમાં નથી, ગુનાવાળી જગ્યા જાહેર માર્ગ છે અને તે જગ્યા ઉપર પબ્લીક અને વાહનોની અવર જવર સતત ચાલુ રહે છે, આ કામે બનાવ વખતના સી.સી.ટી.વી.ફુટેજ કબજે કરેલ નથી, આ કામના પંચનામા કોમ્પ્યુટરાઇઝડ ટાઇપ કરેલા છે, પંચનામાની પ્રિન્ટ પોલીસ સ્ટેશને આવીને કાઢેલ અને ત્યાં જ પંચોની સહી કરાવેલ, આ કામે કોઇ સ્વતંત્ર સ્થાનીક લોકોના નિવેદન લીધેલ નથી.

**(૨૧)** આ કામે કેસના રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો તેમજ પોલીસ સાહેદોના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તપાસ કરનાર એજન્સી દ્વારા પોતાની ફરજના ભાગરૂપે જે કાર્યવાહી કરેલ છે તે સબબનો વિગતવારનો પુરાવો રજુ રાખેલ છે. તમામ પોલીસ સાહેદોના પુરાવાનુ

મુલ્યાંકન કરતા તેઓએ તપાસને લગતી કરેલ કાર્યવાહી સબબની હકીકત જણાંવેલ છે. પરંતુ સૌથી મહત્વની ક્ષતિ એ ગણી શકાય કે તપાસ કરનાર અધિકારીની સ્વીકૃત હકીકત મુજબ તેઓએ આરોપીની કોઈ ઓળખપરેડ કરાવેલ નથી અને તે સંજોગોમાં જયારે ફરીયાદી અને આરોપી એકબીજાને ઓળખતા ન હોય તેવા સંજોગોમાં ઓળખપરેડની કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તે ક્ષતિ ગંભીર પ્રકારની ગણી શકાય. આ કામે તપાસવામાં આવેલા તમામ પંચ સાહેદોએ ઉપરોકત રજુ થયેલ તમામ પંચનામામાં માત્ર સહી હોવા પુરતી હકીકતોને સમર્થન કરેલ છે તે સિવાય પંચનામાની બીજી કોઇ હકીકતોને સમર્થન આપેલ નથી. અને તે સંજોગોમાં  ફરીયાદ પક્ષ આરોપીની અટક તથા  ગુનાવાળી જગ્યાનુ પંચનામું મુદ્દામાલ મોબાઇલ કબ્જે કરવામાં આવેલ હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તેમજ આરોપીઓની ફરીયાદી રૂબરૂની ઓળખ પરેડની ગેરહાજરીમાં આરોપીઓને સદરહુ ગુનાના કામે સાંકળવા માટેનો કોઈપણ માનવા લાયક સચોટ અને ઠોસ પુરાવા પ્રોસીકયુશન રેકર્ડ પર રજુ રાખવામાં નિષ્ફળ રહેલ છે.  ખાસ કરીને જયારે સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ ન હોય તેમજ રીકવરી પંચનામા શંકા રહીત સાબિત કરવામાં રજુ રાખેલ પોલીસ સાહેદોનો પુરાવો વિશ્વસનીય જણાય આવતો નથી. ત્યારે પોલીસ સાહેદોના એકમાત્ર પુરાવા પર આધાર રાખીને આરોપીઓની આવા ગંભીર પ્રકારના ગુનામાં સંડોવણી છે તેવુ માની શકાય નહીં અને તેવુ અનુમાન કરી શકાય નહીં. એ પણ

નોંધનીય છે કે, કહેવાતો બનાવ તા. ૨૫/૦૩/૨૪ ના રોજ બનેલ છે અને બનાવની ફરીયાદ તા. ૧૨/૦૪/૨૪ ના રોજ આપેલ છે. અને આટલી મોડી ફરીયાદ આપવા બાબતે પ્રોસીકયુશન તરફથી કોઇપણ યોગ્ય ખુલાસો રજુ રાખવામાં આવેલ નથી. એ સંજોગોમાં આટલી મોડી ફરીયાદ, રીકવરી પંચનામાની હકીકતને વધુ શંકાસ્પદ બનાવે છે. વધુમાં આંક–૧૬ વાળી ફરીયાદ હકીકત ધ્યાને લેતા ફરીયાદીએ તેઓનો મોબાઇલ કોઇ અજાણ્યા ઈસમો ચોરી ગયેલ હોવાની ફરીયાદ આપવામાં આવેલ છે. તેમજ બનાવ વાળી જગ્યાની આસપાસ સીસી ટીવી કેમેરા લાગેલ હોવા છતાં તેવા કોઇ સીસી ટીવી ફુટેઝ ત.ક.અ.એ તપાસ દરમ્યાન મેળવેલ હોય તેવુ પણ ફલીત થતુ નથી તેમજ પુનરોક્તિના દોષ સાથે નોંધવુ જરૂરી ગણુ છું કે ઓળખ પરેડનો પુરાવો ખુબ જ મહત્વનો પુરાવો ગણી શકાય અને જયારે તપાસ કરનાર એજન્સી દ્વારા આરોપીઓની કોઇ ઓળખ પરેડ કરાવવામાં આવેલ ન હોય તેમજ ફરીયાદીએ જયારે આરોપીને અદાલત સમક્ષ આરોપીઓને ઓળખી બતાવેલ ન હોય તે સંજોગોમાં અને ઓળખ પરેડની ગેરહાજરીમાં આરોપીઓને આક્ષેપિત તહોમત સબબ તકસીરવાન ઠરાવી શકાય નહીં. વધુમાં **આંક–૧૬** વાળી ફરીયાદ હકીકત ધ્યાને લેતા ફરીયાદીએ તેઓની ફરીયાદમાં અજાણ્યો ઇસમ તેઓનો મોબાઇલ લઈને નાસી ગયેલ તેવુ જણાંવેલ છે અને જે અજાણ્યા ઈસમનો દેખાવ, તેની ઉંમર, તેના શરીરનો બાંધો વગેરે સંદર્ભે કોઈપણ પ્રકારનો ઉલ્લેખ કરવામાં આવેલ

નથી તે સંજોગોમાં પોલીસ સાહેદોનો એવો પુરાવો કે પંચનામાની વિગતે આરોપીઓ પાસેથી મુદ્દામાલ મોબાઈલ રીકવર કરવામાં આવેલ હોય તેવી હકીકત માની લેવામાં આવે તેમ છતાં પણ ફરીયાદીએ જયારે આરોપીઓને અદાલત સમક્ષ ઓળખી બતાવેલ ન હોય તે સંજોગોમાં અને ઓળખ પરેડની ગેરહાજરીમાં આરોપીઓને આક્ષેપિત તહોમત સબબ તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૨૨) આમ ઉપરોકત કરેલ ચર્ચા, કાયદાની પરિસ્થિતિ તથા ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, તેમજ આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો તથા બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો અને ઉપર ચર્ચા કરી તેને ધ્યાને લેતા, ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે આ કામના હાલના આરોપીએ ફરીયાદીશ્રી તા.૨૫/૦૩/૨૦૨૪ ના કલાક ૯/૩૦ વાગ્યે મોજે કોસંબા ગામની સીમમાં અમદાવાદથી મુંબઈ જતા ને.હા. નંબર ૪૮ ઉપર કોસંબા ફાટક બ્રીજ ઉતરતા ચાંદની હોટલના કટ પાસે તા.માંગરોળ, જી. સુરત ખાતે જતા હતા ત્યારે આરોપીઓએ પોતાના કબજાની મરુન કલરની એકસેસ મોપેડ નંબર GJ–05–KT–4918 ની ઉપર આવી ફરીયાદીનો વાદળી કલરનો ઓપો કંપનીનો એ–૧૮ મોડેલનો મોબાઈલ ફોન જેનો IMEI No.862637065361491 નો જે આંચકી (ઝુંટવી) ચોરી કરી નાશી ગયેલ અને બાદમાં પકડાઈ જઈ અને તેમ કરી ઇ.પી. કો. કલમ–૩૭૯એ(૩),૧૧૪ મુજબ નો સજાને પાત્ર ગુનો કરેલ છે. તે સંજોગોમાં

આ કામે મુદ્દા નં.૧ ના પરિણામ સ્વરૂપ ફરીયાદ પક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારાત્મક આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**--// આખરી હુકમ //--**

(૧) આથી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-**૨૩૫(૧)** અન્વયે આ કામના આરોપીઓ **(૧) અરબાઝ મોહસીન બુટવાલા** નાઓને **કોસંબા પો.સ્ટે.પાર્ટ-એ-ગુ.ર.નં.૧૧૨૧૪૦૨૧૨૪૦૫૪૮/૨૦૨૪** થી ઈન્ડિયન પિનલ કોડની કલમ-૩૭૯એ(૩),૧૧૪ મુજબના સજાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામની મુદ્દામાલ પાવતીમાં જણાંવેલ કિંમતી મુદ્દામાલ મોબાઈલ તથા મોપેડ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અને જો કોઈ વચગાળાાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો મુદ્દામાલ પાવતીમાં જણાંવેલ મુદ્દામાલ મોબાઈલ તથા મોપેડ તેના બીલ મુજબના ખરા માલીકને માલીકીની ખરાઈ કરી તેને પરત કરવો.

(૩) આરોપીઓએ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૩૭(એ) મુજબ નામ. વડી અદાલત સમક્ષ જો ભવિષ્યમાં અપીલ થાય તો તે દરમિયાન હાજર રહેવા માટેના રૂ.૧૦,૦૦૦/- (અંકે દશ હજાર પુરા) ના નવા જામીન તથા જાત મુચરકા આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીઓના જામીન અને જામીન ખત આથી રદ કરવામાં આવે છે.

(૫) ક્રીમીનલ મેન્યુઅલના પેરા – ૩૪૯ મુજબ આંકે પાડયા સિવાયના દસ્તાવેજો તપાસ કરનાર અમલદારશ્રીને સુપરત કરવાનો આદેશ આપવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ ૦૮મી માહે–ઓકટોમ્બર સને ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળઃ સુરત.**
**તા.૦૮/૧૦/૨૦૨૫.**

**(આર.ડી.મહેતા)**
**૧૬ માં અધિક સત્ર ન્યાયાધીશ,**
**સુરત**
**(કોડ નં.જીજે૦૦૯૬૧)**